SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 31. વઢિયાર પંથકના હાલરડાં

સ્નેહલબહેન ગુલાબભાઈ સાંસલા

❖ **પ્રસ્તાવના :**

'હાલરડું' શબ્દ કે ''ભાઈલો મારો ડાહ્યો, પાટલે બેસી નાહ્યો, હુલુલુલુ... હાલ...હાલ...'' એવી ગીતપંક્તિત કાને પડતાં જ ઘોડિયાની દોરી ખેંચી, હળવી હલકે– અંતરના ઊંડાણમાંથી કંઈક ગાઈ, ગણગણી, વહાલથી બાળકને ઝુલાવતી માતા, બહેન કે દાદીમાનું અને આવું ગાન સાંભળી મીઠી નીંદરમાં સરી પડતા 'બાળારાજા'નું મનભાવન દૃશ્ય મનઃચક્ષુ સમક્ષ જરૂર ઊભરી આવે છે. હાલરડું એટલે માતૃવાત્સલ્યનો મધુર ટહુકો.... માતાની સંતાનપ્રીતિનો ઉમળકાભર્યો પડઘો. હાલરડાંમાં ગીત છે– સંગીત છે. એ માતાની પોતાના બાળક પ્રત્યેના સ્નેહની ઊર્મિલ અભિવ્યકિતત છે. હાલરડાં આપણા લોકગીત છે અને આપણી ઊજળી પરંપરા છે. સંસ્કૃતિની મોંઘેરી વિરાસત છે. તો અહીં વઢિયાર પંથકનાં હાલરડાં વિશે વિસ્તારથી ચર્ચા કરવામાં આવેલ છે.

❖ **વઢિયાર પંથકનો પરિચય :**

વઢિયાર પંથકના વિસ્તાર અંગે જોરાવરસિંહ જાદવ નોંધે છે કે, ''જતવાડા'ની દક્ષિણ રણને કાંઠે બહુચરાજી સુધી વઢિયાર (પ્રાચીન વૃદ્ધિ પથક) પથરાયેલું છે. પ્રાચીન પ્રબંધોમાં આ પંથક 'વડિયાર'ને નામે ઉલ્લેખ પામ્યો છે. 'પ્રબંધ–ચિંતામણી'માં વનરાજનું ચરિત્ર આપતાં ગામને વઢિયાર કે દેશમાં ગણવામાં આવ્યું છે. તેના વિશે એક દુહો છે,

*''દલ ધીંગા ધીંગી ધરા હાથ ધીંગો હથિયાર,*
*નર માઢુડા નીપજે, દેહ ધીંગો વઢિયાર.''* [1]

વઢિયાર પંથક વિશે ડા. મુકેશપુરી ગોસ્વામી કહે છે કે, ''પાટણ જિલ્લાના સમી–હારીજ તાલુકાની ઉત્તરે આવેલ બનાસ નદીના કાંઠાથી માંડીને શંખેશ્વર તાલુકાની દક્ષિણે આવેલ પંચાસર ગામ સુધીનો, પૂર્વમાં રોડા–માંકા–હારીજથી માંડીને પશ્ચિમે રાધનપુર તથા કચ્છના નાના રણ સુધીનો કાંઠાનો પ્રદેશ એટલે વઢિયાર.'' [2]

બનાસ, રૂપેણ, સરસ્વતી આ ત્રણ–ત્રણ નદીઓને ખોળે રમતો એક અનોખો પ્રદેશ એટલે વઢિયાર. વરસોથી એક ભવ્ય લોકસંસ્કૃતિને સાચવીને બેઠેલો આનર્તનો એક વટવાળો વિસ્તાર એટલે વઢિયાર.

એટલે કે વઢિયારમાં પાટણ જિલ્લાના સમી, શંખેશ્વર, રાધનપુરના સંપૂર્ણ ગામડા, હારીજ–સાંતલપુરના અડધા તથા ભાભર, થરા–સૂઈગામ–પાટડી આ તાલુકાનાં અમુક અમુક ગામોનો સમાવેશ થાય છે. વઢિયારની લોકસંસ્કૃતિ અનોખી ભાત ધરાવે છે. તેના હાલરડાં એ તેની એક આગવી પ્રતિભા છે. વઢિયારમાં હાલરડાંને 'હાલા' તરીકે ઓળખવામાં આવે છે. તો અહીં 'હાલા' એટલે હાલરડાં વિશે ચર્ચા કરીએ.

❖ **હાલરડાંની વિભાવના :**

હાલરડું તો માતા–પિતા વચ્ચેનો વહાલભર્યો સંવાદ છે. એ ઘોડિયું ઝુલાવતાં ગવાતું સાદામાં સાદા સ્વરૂપનું ગીત છે, તેથી એમાં સાથેનું ઊંડાણ કે કાવ્યત્વ જરૂરી નથી જ. બાળકને જે સ્પર્શે છે તે હાલરડાંમાં રહેલો ધ્વનિ ચોક્કસ પ્રકારનો લય, માતા, બહેન, દાદી કે અન્ય કોઈના કંઠેથી રેલાતો લયબદ્ધ ધ્વનિ, જે બાળકને માની મમતાનો અહેસાસ કરાવે છે અને એ નિંદ્રાધીન થાય છે. આમ હાલરડાંમાં સ્વર અને લય મુખ્ય છે – અર્થ ગૌણ છે. હાલરડાનાં ગાનથી બાળકને પોતે સલામત છે, પોતાની સંભાળ લેનાર હાજર છે, એવી ખાતરી થાય છે અને એવી માનસિક શાંતિ સાથે એ પોઢી જાય છે. મનની આ શાંતિ બાળકની તંદુરસ્તી માટે જરૂરી છે.

હાલરડું એ વાત્સલ્યની વાણી છે. સામાન્ય રીતે ગીત સાર્વજનિક હોય, ગમે તે ગાય. એ ટાણાટાણાનાં હોય, પણ માણાં–માણાં (માણહ–માણહ)નાં ન હોય. એમાં આ એક અપવાદરૂપ છે. આ તો એકમાત્ર માતૃ–ઉદ્ગાર જ – લયાત્મક કે ગીતાત્મક. હા, માની અવેજીમાં બહેન, દાદી કે કયાંક દાદા ગાય, પણ એ આપણે ત્યાં પ્રમુખ કે અધ્યક્ષની અવેજીમાં ઉપપ્રમુખ કે ઉપાધ્યક્ષ કામ ચલાવે છે એવું થયું. બાળક તો માનું જ અંગ છે, એટલે એ જ બાળક માટે કનુભાઈ જાની કહી શકે;

*''તમે મારા દેવના દીધેલ છો,*
*તમે મારા માગી લીધેલ છો*
*આવ્યાત્યારે અમ્મર થઈને રો.''* [3]

બાળક સમજણું થાય તે પહેલાં–બોલતાં શીખે તેનીય પહેલાં જે ગીતથી બાળકને શાંતિ ને પ્રસન્નતા મળ્યાં હોય છે અને જે મોટપણે પુસ્તકમાં ભણવા કે વાંચવા મળે તો પણ ભાગ્યે જ વંચાતું–ભણાતું હોય છે, તે ગીત 'હાલરડું' એ માતૃ ગુંજારવ છે. જેવી માતાની સંસ્કાર ભૂમિકા તેવો એ ગુંજારવ.

❋ **હાલરડાંનું નામાભિધાન :**

જયંત કોઠારી નોંધે છે કે, ''આપણા મધ્યકાલીન સાહિત્યમાં પણ હાલરડાં છે. મધ્યકાલીન ગુજરાતીમાં 'હાલરડું' માટે શબ્દો છે : 'હાલરિયઉં','હાલરું', 'હાલરો' અને 'હાલરઉ''' [4]

ભારતમાં ‘હાલરડું’, ‘લોરી’, ‘પાલણું’...... જેવાં નામ છે, તો અંગ્રેજીમાં કહે છે ીગ્બ્બિ’થ્ઈ માતાઓને આપાઓ ગાય છે. ઘોડિયે હીંચોળતાં, એટલે એ કહેવાય છે. હચ્મ્મ્દ્દિક:ઘ્ન ફ્રેન્ચશબ્દ છે, બર્સ્યૂઝ : ખભ્ર’ભ્ગ(ઈ જર્મન છે, વિજનૂલીડ : ધ્પ્ન્ન્દ્યપ્મ્મ્ઈ ગ્રીક નામ છે નન્નરિઝ્ – માતા:દબ્દ્યદ્યબ્ચ્ય(?બ્ત્બ્લ તો લટિન નેનીઈ : ીભ્દ્યભ( દભ્દ્યટ’ભ્ઈ તો વઢિયાર પ્રદેશમાં ‘હાલરડું’ પણ શબ્દઉચ્ચારાય છે.

**❋ હાલરડાંનો ઉદ્ભવ :**

ખોડીદાસ પરમાર કહે છે કે; ‘‘હાલરડાંનો ઉલ્લેખ સંસ્કૃતમાં સતી મદાલસાના હાલરડામાંથી સાંપડે છે. મદાલસા પોતાના શિશુને પારણે પોઢાડીને જે હાલરડાં ગાય છે, તે સાંભળીને બાળક મોટા થતાં આ સંસારનો અસાર સમજીને સંન્યાસી થઈ જાય છે.’’[૫]

મધ્યકાળે વનરાજની જનેતા રૂપસુંદરી અને જીજાબાઈએ પોતાના બાળકને શૌર્ય–તેજભર્યા હારલડાં સંભળાવીને યુદ્ધભૂમિ માટે કેસરિયાની શીખ આપી છે. આમ જનેતાએ હાલરડાં દ્વારા પોતાના સંતાનને સાધુત્વ અને યુદ્ધભૂમિનાઝીલન્દાબનાવ્યા છે.

આમ, ગુજરાતી લોકસાહિત્યનાં હાલરડાં મધ્યકાળની પેદાશ ગણાય ખરાં. આ હાલરડાં અભણ જનેતાના હૈયેથી હોઠે વહ્યાં, જે અણઘડ ા મોતી જેવાં ઊર્મિગીત ગણાય, જેમાં ટૂંકાંટૂંકાં વાક ો, બાળકના માનસને સ્પર્શ કરે એવા પ્રાસાનુપ્રાસે વહી જતાં લાઘવપૂર્ણ ગીતો છે. એમાં કોઈ–કોઈમાં સાહિત્યસ્વરૂપનો લગરિકચમત્કાર દેખાય ખરો, પણ વિશેષતઃ તો તે જોડકણાં કે વર્ણક જેવાં રહ્યાં છે.

**◈ વઢિયારનાં હાલરડાં :**

ગુજરાત–સૌરાષ્ટ્ર–કચ્છ કે વઢિયાર પ્રદેશના અમુક હાલરડાંઓમાં સમાનતા જોવા મળે છે. આપણે હાલરડાંનો જો વ્યવસ્થિતઅભ્યાસ કરીએ તો ખ્યાલ આવે છે કે, આપણાં હાલરડાંનો નાયક મહદ્અંશે કૃષ્ણ હોય છે. નીરોગી અને તરવરાટવાળું બાળક તે કૃષ્ણસ્વરૂપ જ છે તેમ માનીને હાલરડાં ગવાયાં છે.

બાળકના કિલકિલાટ સાથે નારીકંઠ પણ હાલરડાંની હલકમાં છલકાઈ ઊઠે છે. માતા પારણાને હીંચોળતી જાય છે અને હાલરડું ગાતી જાય છે. કડીએ કડીએ પુનરાવર્તન પામતા શબ્દો ‘હા–હા, હાલા’ બાળકને સૂરનું સંમોહન પૂરું પાડે છે. બાળક અણસમજુ હોય કે અરધુ–પરધું સમજણું હોય, હાલરડાંનાં લય અને પ્રાસ–રચના એને માટે મોહક બની  રહે છે.

લોકસાહિત્યમાં હાલરડાંથી માંડીને મરશિયા સુધીની સંપૂર્ણ જીવનયાત્રા સંવેદનાત્મક રીતે નિરૂપાયેલી જોવા મળે છે અને તેથી આપણે કહી શકીએ કે હારલડાં એ પણ લોકસાહિત્યનો એક સબળ અંશ છે. હાલરડાંના પ્રકાર, પ્રદેશ, લય વગેરેની વિગતવાર ચર્ચા કરવાનો અહીં ઉપક્રમ નથી પણ વઢિયારમાં કેવા–કેવા હાલરડાં પ્રચલિત છે તેનો અભ્યાસ કરવાનો ઉપક્રમ છે. તો અહીં વઢિયાર પંથકમાં કેવા હાલરડાં પ્રચલિત છે તે તપાસીએ.

વઢિયારમાં હાલરડાં માટે ‘હાલા’ શબ્દઉચ્ચારાય છે. જ ારે લોકડાયરામાં લોકસાહિત્યકારો ઘણીવાર કહેતા હોય છે, ‘‘હાલરડું એટલે મા કહે છે, હાલ... હું....રડું....!’’ માતા ગમે એટલી થાકીપાકી હોય પણ પારણાંની દોરી હાથમાં લઈને અવર્ણીય સંગીતમાં ખોવાય જવાની સાથે તેનો થાક પણ દૂર થઈ જતો હોય છે.

હાલરડાંનું વસ્તુ કેવું હોય ? બાળકને પોતે સલામત છે, પોતાને સંભાળનાર હાજર જ છે એની ખાતરી આપે તેવું. એમાં મા, બાપ, ભાઈ, બહેન, દાદા–દાદી, કાકા–કાકી, મામા–મામી, ફઈ–ફુવા વગેરે એને કેવાં–કેવાં લાડ લડાવે તેની વાત હોય. એ એકલો નથી, જગતમાં ઘણાં–ઘણાં એની સાથે છે એવી અનુભૂતિ તેને હાલરડાં દ્વારા થાય છે.

લોક હોય કે શિષ્ટ સમાજની જનેતા, પુત્ર કે પુત્રીને જન્મ આપે તે પછી તેનું હૈયું અને તેનો કંઠ બાળક તરફના અપત્યપ્રેમથી ઊભરાઈ ઊઠે છે. અમીયલ એવા ધાવણધારાના પોષણની સાથોસાથ માના કંઠનાં હેતભર્યા ‘હાલા–વાલા’ એવાં ‘હાલરડાં’થી તે બાળકને ભીંજવી દે છે.

માના ધાવણની ધારા અને હૈયા ઊર્મિનાઉછાળાથી કાલીઘેલી વાણીનાં જોડકણા–રૂપ હાલરડાં માંડીને અંતરે ઉદ્ભવી, કંઠે વળોટાઈને જીભના ટેરવે રણકી ઊઠે છે. આ હાલરડું સાહિત્યિક રૂપના સંસ્કાર કરતાં વિશેષતઃ જોડકણા જેવું અને બોલીના બળકટ વળોટમાં અભિવ્યકતત થતું હોય છે. જેમાં હૈયાના ભાવોને ઉભાર હોય છે. એથી જ તો માડીના કંઠે ‘અ...ળો...ળો... હાલ્ય’ના લયકારમાં ધધૂંબતા હાલરડાની હલકે–હલકે બાળક પોઢી જાય છે.

ગુજરાત–સૌરાષ્ટ્ર–કચ્છ–વઢિયારમાં મોંઘેરા બાળકને પોઢાડવા નવલા સુથારીએ ઘડેલાં કે સંઘેડાઉતાર ઘોડિયાં–પારણાં વહોરીને મોસાળિયાં દીકરીને જીઆણે ભેટ આપે છે. જેમકે;

***‘‘ઘરને વહાલું રે ઘોડિયું, ઘોડિયાને વા’લાં લાગે બાળ.’’***

વનવગડે ફરતી માવડી પોતાના લાલને છાતી માથે જ રાખે છે અને જયારે બાળક ઊંઘે ઘેરાવા માંડે એ વખતે માવડી વનઝાડવાની છાયાદાર લેબૂંબ ડાળે પછેડાની ખોઈ વાળીને બાળકને પોઢાડે છે. આવાં ખોઈનાં ઝૂલણાં પણ બાળકનાં હેતહીંચોળાં બની રહે છે.

**❋ કૃષ્ણને સંબોધીને ગવાતાં હાલરડાં :**

આગળ વાત કરીએ એમ કે આપણે હાલરડાંનો જો વ્યવસ્થિતઅભ્યાસ કરીએ તો ખ્યાલ આવે છે કે, આપણાં હાલરડાંનો નાયક મહદંશે કૃષ્ણ હોય છે. નીરોગી અને તરવરાટવાળું બાળક તે કૃષ્ણસ્વરૂપ જ છે તેમ માનીને હાલરડાં ગવાયા છે. તેમજ સામાન્ય જનસમાજની સ્ત્રી પોતાના બાળકને શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ માનતી હોય છે. માટે તે કૃષ્ણને સંબોધીને હાલરડાં ગાય છે.

***‘‘પડવે પહેલાતના મહારાજ,***
***બીજે બોલ્યું નાનું બાળ;***
***ગોકુળ આવજો ને મહારાજ!’’***

આમ, આ હાલરડાંમાં પૂનમ સુધીની તિથિઓની સંખ્યામાં અલગ–અલગ કામગીરી બતાવીને ગવાય છે.

***‘‘આંબો અખંડ ભુવનથી ઉતર્યો,***
***વ્રજભૂમિમાં આંબાનો છે વાસ***
***સખી રે! આંબો રોપિયો.’’***

અહીં 'આંબાના પ્રતીક દ્વારા બાળકની વાત કરવામાં આવી છે. આવાં સાંકેતિક પ્રતિકો દ્વારા મા પોતાના ભાવો વ્યકતત કરતી.

*''આંબે વાસુદેવજીએ બીજ રોપિયાં, થયાં દેવકી ખેતર પરકાશ,*
*સખી રે આંબો રોપિયો,*
*આંબે જશોદાજીએ જળ સિંચિયાં, ગોપ ગોવાળ સૌ આંબાના રખવાળ,*
*સખી રે આંબો રોપિયો.''* [૬]

આ હાલરડાંમાં વાસુદેવ બાળરૂપી આંબાના બીજ દેવકીના ખેતરમાં રોપવાની વાત કરી છે. વળી જશોદાજી જળસિંચન અને ગોપગોવાળો એના રખેવાળ થવાની વાતને સહજતાથી જે તે સમયની લાજમર્યાદા બતાવે છે.

*''આજ મારે ઘેર વાજ ા સાંજી રે!*
*કૃષ્ણ સોહાગી બઈ મારું આગણું,*
*હુલુલુલુ.... હાલા.... હાલા...*
*આજ મારે ઘેર અતિ આનંદ!*
*કો'વર કાનજી પાયણે;*
*હુલુલુલુ.... હાલા...હાલા...*
*કો'તો કાનજી! અંગ ગોરાં કરું,*
*ગોંજે ભરું દેવને દાળિયા!*
*હુલુલુલુ.... હાલા.... હાલા....*
*આવો તો કાનજી! પેરાવું જામા રે!*
*તારાથી વાલુના કોઈ!*
*હુલુલુલુ.... હાલા...હાલા...*
*કો'તો કાનજી! પેરાવું ઝુલડી રે !*
*તમારાં દર્શન દોને દેવ !*
*હુલુલુલુ.... હાલા.... હાલા...''* [૭]

ઉપરના હાલરડાંમાં વઢિયાર વિસ્તારમાં પ્રથમ બાળક જન્મે ''વધઈ વગાડવી'' એ રિવાજ છે તેનો પડઘો વઢિયાર પ્રદેશમાં જોવા મળે છે. વઢિયારમાં ઢોલીને બોલાવી પુત્રજન્મે આંગણામાં કુટુંબ–પરિવારના લોકોને બોલાવી ચા–પાણી કરવામાં આવે છે. મામાનાં ત્યાંથી આપવામાં આવેલ વસ્તુઓને રૂમાલ પર મૂકીને કંકુ–ચોખાથી વધાવે છે.ઢોલીને ભેટ–સોગાત આપીને રાજી કરવામાં આવે છે. બાળકને મોસાળ પક્ષેથી કપડાં અનેજણસ આપવામાં આવે છે. આ પ્રસંગને 'વધઈ વગાડી' કહેવામાં આવે છે. આ હાલરડાંમાં વઢિયાર પંથક બહુ પાકતા ચણાના પાકનો પણ ઉલ્લેખ છે– ''ગોંજે ભરું દેવને દાળિયા!''

*''સોના રૂપાનાં મારાં પારણિયાં, પોઢોને ભગવાન, બાળા પોઢોને,*
*એટલું કીધુને કાન પોઢી ગયા, ને પોઢ ા છે ભગવાન, બાળા પોઢોને.''*

અહીં સોના–રૂપાનાં પારણિયે બાળકને ભગવાન કહીને પોઢાડ ું છે. આટલું કહેતા, બાળ ઊંઘી ગયું પણ માને ચિંતા થાય છે કે, પોતે કામકાજ કરી રહી છતાં બાળક જાગ્યું નહીં એટલે એને શંકા થાય છે. અને નીચેની પંકિતતમાં બોલે છેઃ

*''ઘરના કામકાજ કરી રિયાંને, તોય ના જાગ્યાં બાળ,*
*પાડોસણ બેની તને રે કહું, જગાડો મારો બાળ.*
*બઈ તારું બાળબિયાણું, બાય ઉતારું લુણ,*
*લીલા તે વાંસનું પુંખડુંને ત્રણ શેરીની ધૂળ.''*

બાળક બિયાણું, ઝબક ું, નજર લાગવી. આવી માન્યતાઓ પણ હાલરડાંમાં જોવા મળે છે. વળી એના પછીની પંકિતતમાં પરિણામ પણ આપવામાં આવ્યું છે.

*''એટલું કરતાં કાન જાગ્યા, જાગ્યા છે ભગવાન, બાળા પોઢોને.''*

બીજું એક કૃષ્ણ પ્રેમનું હાલરડું જોવા મળે છે. કૃષ્ણને ઝુલાવવાની સાથે–સાથે પારણિયાને સોના, મોતી, માણેક, હિરલે જડાવી રંગે રંગાવી, જરીવાળી ઝાલર મેલી શણગારવાની વાત 'પોઢો પારણિયાનો' પ્રાસથી રજૂ કરી છે. જેમાં વઢિયાર પંથકની કલા સંસ્કૃતિના દર્શન થાય છે.

*''ઝુલો ઝુલો જશોદાના લાલ પોઢો પારણિયે,*
*ઝુલો ઝુલો નંદજીના બાળ પોઢો પારણિયે,*
*તારું પારણિયું સોનલે મઢાવશું રે! મોતી માણેક ને હિરલે જડાવશું રે,*
*તને ખમ્માખમ્માકઉં નંદલાલ, પોઢો પારણિયે,*
*તારું પારણિયું રંગે રંગાવશું રે! એને ઝાલર જરીની મેલાવશું રે,*
*તારાં હાલરડાં ગાઉં નંદલાલ, પોઢો પારણિયે,*
*તને રમવા રમકડાં આલશું રે! નિત નવા નવા વાઘા પેરાવશું રે,*
*તારું મુખડું જોઈ હરખાઉં લાલ, પોઢો પારણિયે.''*

◈ **વીરપુરુષો અને રાજવીઓના હાલરડાં :**

વઢિયાર પંથકનાં પંચાસર ગામના રાજવી વનરાજ ચાવડા માટે માતા રૂપસુંદરીએ ગાયેલું હાલરડું પ્રસિદ્ધ છે. આથી વઢિયાર વિસ્તારમાં સૌથી વધારે પ્રખ્યાત કોઈ હાલરડું હોય તો તે 'વનરાજ ચાવડાનું હાલરડું' છે અને આમેય વનરાજ ચાવડાની રાજધાની વઢિયાર પંથકના પંચાસર ગામમાં હતી.

***"વનરાવનનો રાજા રે પોઢ ે ઊંચે પારણે હો રાજ!***
***બહાદુર બાળો રાજા રે પોઢ ે ઊંચે પારણે હો રાજ!***
***હાં રે પોઢ ે જયશિખારીનો બાળ,***
***હાં રે પોઢ ે વેરીડાં કેરો કાળ,***
***હલકે ને હીંચોળું રે રાજા ગૂર્જર દેશનો હો રાજ!***
***જુગતે ને ઝુલાવું રે મોભી ગુર્જર માતનો હો રાજ!***
***ઊંચેરી વડવાઈએ રે વનરાજનાં પારણાં હો રાજ!***
***અંકાશીલી ડાળ્યે રે બાળુડાનાં ઝુલણાં હો રાજ!***
***હાંરે માથે હીરે મઢેલું આકાશ, હાં રે માથે પૂનમનો અંજવાસ,***
***દૂધલડાં કાંઈ પીતો રે, રૂપાવરણી રાતનાં હો રાજ!***
***ગોઠડિયું કાંઈ કરતો રે તારલિયાની સાથમાં હો રાજ!"***

આમ, આ હાલરડાંનાં ૬(છ) બંધ છે. જેમાં વનરાજના રૂપના, પરાક્રમના વખાણ છે. સાથોસાથ વનરાજની માતાએ એને કહ્યું છે કે,

***"આજ સુધી જીવું છું રે ગાવા શૂરનાં ગીતડાં હો રાજ!"***

અહીં કહી શકાય કે વનરાજ ચાવડાનું આ હાલરડું દરેક ગૂર્જરવાસીએ વાંચવા, સાંભળવા અને ગાવા જેવું છે. આ ઉપરાંત વનરાજનું અને બીજું હાલરડું કવિત્રિભોવનવ્યાસે રચેલું છે.

***"પોઢો પોઢો મારા પારણે મારા બાળુડા વનરાજ,***
***ઝાડની ડાળીએ ઝુલાવું, મારા ગૂર્જરના શિરતાજ,***
***મારા બાળુડા વનરાજ!"***

વઢિયાર પંથકના લોકદેવતા વચ્છરાજ સોલંકી (વાછડા દાદા)નું પણ હાલરડું પણ પ્રસિદ્ધ છે.

***"ઝુલે રે વચ્છરાજ કુંવર ઝુલે રે, કાલરી ગઢમાં ઝુલે રે વચ્છરાજ!***
***પિતા હાથીજી ને માતા કંકુબાનો જાયો, ગાયનો રે વારું ઝુલે રે વચ્છરાજ!"***

વીરવચ્છરાજે ગાયોના રક્ષણ માટે તેમનું જીવન સમર્પિત કર્યું હતું. અહીં વચ્છરાજ ઝુલે છે, તેમજ તેમની માતાનો દીકરો છે અને ગાયો માટે તેવો મૃત્યુ પામ્યાં છે. તેની વાત આ હાલરડામાં કરવામાં આવી છે.

વઢિયાર પંથકમાં લખાજી ગોહીલનું પણ એક હાલરડું સાંભળવા મળે છે. જેઓ બનાસ નદીના કાંઠે વસતા હતા. વઢિયાર પંથકની અને આગવી ઓળખ બનાસ નદીથી પણ ઓળખાય છે, તો આ બનાસના કાંઠે વસતા લખાજી ગોહીલનું હાલરડું પ્રસિદ્ધ છે.

***"લખાજીને લાડ લડાવું, હાલા શૂરવીરના ગાઉં,***
***શાદુળજી માગે શિવની આગે સુત દેજે શૂરવીર***
***એ... કુરબાન કરે પંડની કાયા શિવને સોંપે શરીર,***
***રજપૂતીનો રંગ ઈ રાખે, પરાક્રમી બેટડો પાકે,***
***લખાજીને લાડ લડાવું, હાલા શૂરવીરના ગાઉં."***

◈ **દેવી–દેવતાઓનાં હાલરડાં :**

વઢિયાર પંથકમાં શ્રીકૃષ્ણ અને વીરવચ્છરાજ પછી જો કોઈ દેવતાનાં હાલરડાં ગવાયા હોય તો, તે રામદેવપીરના છે. વઢિયાર પંથકમાં રામામંડળની મંડળીઓમાં રામદેવપીરનું હાલરડું સાંભળવા મળે છે :

***"હાલરડું વાલું રે રામદેવપીરને હાલરડું વાલું,***
***સોના પારણીયે હીરની છે દોરી,***
***એ ઝૂલે પારણીયે વનમાળી***
***રામદેવજીને હાલરડું વાલું !"***

અહીં પાછળની પંકિતતઓમાં માતા, પિતા, બહેન વગેરેના હાથે રામદેવજીના હાલા ગવાય છે.

ગુજરાત રાજ ના સમગ્ર માલધારી સમાજના ઈષ્ટદેવ ગોગા મહારાજ અને સિગોતર(સિકોતર) માતાજીનાં પણ હાલરડાં વઢિયારમાં સાંભળવા મળે છે. ખાસ કરીને ચૈત્ર માસમાં રમેલ (જાતર) હોય ત્યારે ગવાય છે. ગોગાજીનું હાલરડું ડાક સાથે ગવાય છે. જેને 'હાલરિયાં' કહે છે. આ હાલરિયાં એ હાલરડાં તરીકે પણ અહીં ઓળખવામાં આવે છે.

***"સોના પારણે ઝુલો, ગોગા રૂપા પારણે ઝુલો,***
***સોનાનાં પારણિયાં, ગોગા રૂપાનાં પારણિયાં,***
***ધરણીના રે ધણી, ગોગા વાંકડી મૂછો વાળા,***
***કાશીના રે વાસી ગોગો પારણીયામાં ઝુલો,***
***હુલુલુલુ હાલ... ગોગા હુલુલુલુ હાલ...***
***ધોળા ઘોડા વાળા, બાપા ધોળી ધજા વાળા,***
***શંકરના રે શણગાર બાપા પારણિયામાં ઝુલો,***

*મણિધર ઝુલો, ગોગા બાપા ફણીધર ઝુલો,*
*પારસમણિ ગોગા બાપા પારણિયામાં ઝુલો....*
*હુલુલુલુ હાલ..... ગોગા હુલુલુલુ હાલ..."*

નાગદેવતાને માનવ રૂપમાં ચિતરીને એના પણ હાલરડાં ગવાય છે. આ ઉપરાંત સિગોતર માતાજીનું પણ હાલરડું સાંભળવા મળે છે.

*"હાલો વાલો રે દેવી હાલો વાલો, સંઘની સિગોતર તને હાલો વાલો,*
*દરિયો વાલો રે બૂન દરિયો વાલો, દરિયાની દેવી તને દરિયો વાલો!"*

◈ **નેહડાનાં હાલરડાં રે હાલા :**

ગીરની જેમ વઢિયારમાં પણ માલધારી સમાજના લોકોની વસાહતને નેહડાઓ કહે છે અને આ નેહડામાં રહેતા લોકોની આગવી સંસ્કૃતિ જોવા મળે છે. જયાં નિઃસ્વાર્થ સ્નેહ(નેહ) જોવા મળે છે. તે 'નેહડો' છે. નેહડાની સ્ત્રીઓ 'હાલા' ગાય છે. જેમાં બાળકને લાડ લડાવવામાં આવ્યા છે, તો કયાંક રમૂજ પણ જોવા મળે છે.

*"સોના રૂપાનું મારું પારણું રે લોલ,*
*પારણે પોઢ ે મારો લાલ રે,*
*હળવે હેંસકો હું તો નાખતી રે લોલ.*
*પારણે મોર પોપટ શોભતા રે લોલ,*
*પારણું મોહાળનું વિમાન રે,*
*હળવે હેંસકો હું તો નાખતી રે લોલ.*
*મોરવાયે ચાંદોસૂરજ કોતર્યા રે લોલ,*
*એના પાયા પડ ા ચારૂ દિશ રે,*
*હળવે હેંસકો હું તો નાખતી રે લોલ.*
*સોયલો ઝુલે બાળ પારણે રે લોલ,*
*જાણે અંકાશે ઝગમગ તારલો રે,*
*હળવે હેંસકો હું તો નાખતી રે લોલ.*
*હીરની દોરીએ માડી ઝુલાવતી રે લોલ,*
*'રાઘવ' હેતે હાલા ગાય રે,*
*હળવે હેંસકો હું તો નાખતી રે લોલ." ‘*

ઉપરના હાલરડામાં વઢિયારી લઢણથી પદ્યને ગાવાની એની હલક જોવા મળે છે. અહીં પારણાને શણગારી મોહાળનું વિમાન કહેવામાં આવ્યું છે. આમ તો વઢિયારમાં મોટેભાગે પારણાં મોશાળથી આવેલી ભેટ હોય છે, એટલે એને મોહાળનું વિમાનકહ્યું છે. તો ' રે લોલની' પ્રાસ પંકિતતઓ વધારે ચમત્કૃતિ આપે છે તેમજ નીચેના હાલરડામાંવઢિયારના કલ્પવૃક્ષ બાવળમાંથી ઘોડિયાં બનાવવાની વાત કરી છે.

*"કાચા બાવળનું લાકડું રે ઘમ્મર ઘૂઘરડી રે,*
*એનાં ઘડાવશું ઘોડિયાં રે ઘમ્મર ઘૂઘરડી રે,*
*ઘોડીયે કોણ કોણહિંચશે રે ઘમ્મર ઘૂઘરડી રે,*
*હીંચશે ક્રિશક લાડકો રે ઘમ્મર ઘૂઘરડી રે."*

વઢિયારમાં પોતાની આગવી શૈલીથી આગવા રાગથી ગવાતું હાલરડું એ 'હાલા' છે. મા, બહેન કે ફઈ, દાદી, કાકી, નાની કે કોઈપણ સ્ત્રી લાંબા લહેકાથી જયારે હાલા ગાતી હોય તો, ઘડીવાર એ સાંભળીને હાલરડાંમાં પોઢવાનું મન થાય છે. એનાં શબ્દોમાં બહુ મર્મ નથી પણ એનો રાગ કર્ણપ્રિય હોય છે.

*"હાલા હાલા કરતી ભૈ...*
*મારી ઋતુના હાલા ગાતી હાલા....*
*ઋતુ મારી અટારી એની કેડે બાંધો કટારી હાલા,*
*ઋતુ મારી વણઝારી એને શેર સોને શણગારી,*
*શેર સોનું કેવાનું સવાશેર સોનું પેરવાનું હાલા....*
*ઋતુ મારી વેપારી પૈસા લાવી બે પાલી,*
*બે પાલીના સવાયા ઋતુના કાકા ભવાયા હાલા...*
*હાલા હાલા ગાતી'તી ઋતુ વગર મરતી હાલા,*
*હાલો હાલો માડીનો લુલો પગશે મનાડીનો,*
*મનાડી ગઈ શે માળવે મારી ઋતુને પારણે કુણ જાળવે હાલા...*
*ઋતુના મામા આવશે.... ફૂલ રૂમાલિયો લાવે હાલા...*
*ફૂલ રૂમાલિયામાં નવલી ભાત, મારી ઋતુ પીવે ઘીની નાળ હાલા..."*

હાલરડાં દ્વારા જ માતા પોતાના બાળકને માતૃવાત્સલ્યનો સ્નેહ સીંચે છે અને સ્નેહપાન કરાવતાં આજુબાજુના વાતાવરણનો પરિચય કરાવે છે. આવી કલ્પનાઓ બાળમાનસને જિજ્ઞાસાપ્રેરક બને છે. બાળકના મનને અનુરૂપ એની બોલચાલની લઢણને ધ્યાનમાં

રાખીને માતા હાલરડાં જોડી કાઢે છે. તેમાંથી બાળકને ભાષાની સમજ, શબ્દ અને અર્થની સમજ, સંગીત અને લયનું એક માળખું બાળકના ચિત્તમાં સંક્રાન્ત થાય છે. આ રીતે હાલરડાં ભાષાશિક્ષણનું પણ કામ કરે છે. હાલરડામાં સંગીત, લય અને ઢાળની મધુરતા તરફ પણ બાળક આકર્ષાય છે.

હુલુલુલુ.... હાલા... હુલુલુલુ.... હાલા! જેવાં રવાનુકારી જ ારે અટારી–કટારી, માડી–મનાડી વગેરે દ્વિરુકતત શબ્દો અને ઉકિતતનાં આવર્તનો–પુનરાવર્તનો તથા માતાના મધુર કંઠનું સંગીત બાળકને આનંદનો અનુભવ કરાવે છે.

અંતમાં એમ કહી શકાય કે, હાલરડાં દ્વારા પ્રાપ્ત થતો સાંસ્કૃતિક વારસો, જાતિગત–વિશેષતાઓ સામાજિક પરિવેશ, લોકમાનસ, પશુ–પક્ષીઓ, દેવ–દેવીઓ, આકાશમંડળ આ બધાના શ્રવણથી બાળકનું હાડ બંધાય છે. હાલના સમયમાં હાલરડાં પણ બીજા લોકસંગીતની જેમ લુપ્તતાને આરે છે. તેને ગાવાવાળી દાદી–મા–ફઈ–કાકી–માસી–બહેન આધુનિકતાના રવાડે છે. જ ારે આજ સ્ત્રીપાત્રો બાળકને ઘોડિયામાં સુવડાવી હાલરડાં ગાતીને બાળકના માનસમાં ભાવ–ભાષા–સંગીત અને સંસ્કારનાં અમૃત પાતી એ હાલરડાં આપણી અમૂલ્ય સાંસ્કૃતિકવિરાસત છે. બાળક, પારણું અને હાલરડું એ સૃષ્ટિના સર્જન અને પાલનપોષણના સ્તંભો છે.

❖ **ઉપસંહાર :**

આ પ્રકરણમાં વઢિયાર પંથકનો સામાન્ય પરિચયની સાથે હાલરડું એટલે શું ? તે સ્પષ્ટ કરી હાલરડાંની વિભાવનાની ચર્ચા કરી, હાલરડાંનું નામાભિધાનવિશે સમજૂતી આપી હાલરડાંનો ઉદ્ભવવિશે ટૂંકમાં માહિતી આપી છે. આ પ્રકરણમાં વઢિયાર પંથકના હાલરડાં વિશે વિસ્તારથીઅભ્યાસ કરવામાં આવેલ છે. જેમાં કૃષ્ણને સંબોધીને ગવાતાં હાલરડાં, વીરપુરુષો અને રાજવીઓના હાલરડાં, દેવી–દેવતાઓનાં હાલરડાં, નેહડાનાં હાલરડાં કે હાલા જેવાં જુદા જુદા વિષયઆધારિતવઢિયાર પંથકના પ્રસિદ્ધ હાલરડાંઓની સમજૂતી આપવામાં આવેલ છે. આમ તો વઢિયાર પંથક એ નાનો વિસ્તાર હોવાથી ત્યાં ઓછા પ્રમાણમાં હાલરડાં ગવાતા મળે છે. પણ મારા સંશોધનકાર્ય દરમ્યાન જે પ્રાપ્ત થયા છે તેને અહીં મૂકવાનો પ્રયત્ન કરેલ છે. અંતે કહી શકાય કે, સમગ્ર ગુજરાતમાં ગવાતા હાલરડાં તે વઢિયાર પંથકમાં પણ ગવાય છે. પણ તેની રજૂઆત, તેની ભાષા, તેનો લય થોડોક જુદો પડતો હોય છે, પણ હાલરડાં એ માતૃવાત્સલ્યનો ટહુકો છે.

**❖ પાદટીપ ❖**

૧. જોરાવરસિંહ જાદવ, 'ગુજરાતનું સંસ્કૃતિ દર્શન', પૃ.૧૬
૨. ડા. મુકેશપુરી ગોસ્વામી, 'લોકવૈભવ', પૃ.૧–૨
૩. અમૂલખ ભટ્ટ, 'હાલરડાં સ્વરૂપ, પ્રકાર અને લોકહલક', પૃ.૩૧
૪. જ ંત કોઠારી, 'મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ', પૃ.૫૫૭
૫. ખોડીદાર પરમાર, 'લોકસંસ્કૃતિમાં હાલરડાં' (લેખ) હાલરડાં સ્વરૂપ, પ્રકાર અને લોકહલક, પૃ.૫૯
૬. લક્ષ્મીબેન રબારી, મુલાકાત– મોતીપીંપળી, તા. સમી, જિ. પાટણ
૭. એજન
૮. રાવલ વઢિયારી, મુલાકાત : વઢિયાર સાહિત્ય મંચ–રાધનપુર